दीवाळी अने लघुचंद्रना टुंक खेलना गायनो.

રચનાર.

જોશી ભીખારામ શવજી કનૈયા.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

શા. પુરૂષોત્તમ ગીગાભાઈની કુંપની

ભાવનગર.

આવૃત્તિ ૧ લી.——નકલ ૫૦૦૦ હજાર.



અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

કીંમત એક આનો.

दीवाळी अने लघुचंदना फारसना गायन.

(દીવાળી સાસરે જાય છે ત્યારે તેની માતુશ્રી શીખામણ આપે છે)

રાગ કેરબો.

પ્યારી પુત્રી કહું શીખામણ, સાંભળ વાત મારીરે. ટેક
સાસરે જઈને મોકલજે, સારા સમાચાર;
દીનનીશ તું ડાહી થજે હું, કહુશું વારંવાર. પ્યારી૦
સેવા સાસુ સસરા કેરી, કરજે તું ભલી ભાત;
નાથ તણી નવ આજ્ઞા લોપીશ, જામે જગમાં ખ્યાત. પ્યારી૦
તારા વીના ઘડી ન ચાલે, બેની છો તું બાળ;
પરદેશે પંખીડું ઉડયું, હાય! સુની આડાળ. પ્યારી૦
સુગ્રપણું તારૂં સંભારૂં, વરસે છે આવાર;
એક આંખમાં અસાડ, બીજી શ્રાવણ કેરી ધાર. પ્યારી૦
પીએ દુધ જઈ કલાલ હાટે, જન જાણે મધુપાન;
મધુ પીએ ગોવાળી ઘરમાં, જાણે દુધ સમાન. પ્યારી૦
કાળા સાથે ધોળો બાંધે, સંગતના ફળ થાય;
વાન વિશ્વમાં નહી બદલે પણ, બદલે સાન સદાય. પ્યારી૦
પારસ પથ્થર છે પૃથ્વીમાં, અડકે જ્યારે લોહ;
લોહ મટી કંચન થઈ જાએ, માનવ પામે મોહ. પ્યારી૦

દુષ્ટ નારની સંગત દેખી, ડરી ચાલજે દૂર;
શા માટે જે તારૂં જોબન, ભરેલ છે ભરપુર. પ્યારી૰
(દીવાળી તથા તેની સાહેલીની વાતચિત.)

દીવાળી. રાગ. બિહાગની ગઝલ.

હે સખી ચકોરને કેવી, ચંદ્ર સાથે પ્રીત;
તુજ વીના હે સાણી સખી, ચેન નાવે ચીત.
બાળાપણમાં સાહેલી મારી, પ્યારી તું સાક્ષાત;
તન જુદાં નહી મન જુદાં, સાચી કહું છું વાત.
વૃક્ષ વેલી છે ખાસેલી, જુઇ ચંબેલી જેમ;
ત્રુટે પણ છુટે નહીં કદી, વાલી વસ્તુ પ્રેમ.
જળ કમળ શું પ્રીત જાણી, તૃપ્તી પામું તેમ;
સુકે પણ કદી ન મુકે, વાલી વસ્તુ પ્રેમ.
તલખે મીન મહસાગરનું, જળ વિના જાણું જેમ;
વિખુટી ટોળે મૃગલી તલખે, મળવા તલખું તેમ.
[દીવાળી પરણી સાસરે જાય છે ત્યારે સહિયરનુ બોલવુ]

સહીયર— રાગ કાલીંગડાની ઢબ.

વીનય વાક્ય હેત તારૂં જોઈ મારી વાલી;
સમજુ છો તું સાણી સખી, સુણરેજી,
મીન જેવું જળ વીના ઝુરે, મારી વાલી,
તલખે મારૂં તારા વીના ગણી ગુણ રેજી,
બાળપણની પ્રીતડી બંધાણી મારી વાલી,
જુદા પડવાનો જમાનો, આજે થાયરેજી,

ટોળાની વિખુટી મૃગલી, તલખે મારી બાલી,
તુજ વીના ન ઘડી એક ચાલે ક્યાંય રેજી.

દીવાળી. (સહીયર દુઃખ શું દાખવું. એ રાગ.)

શાણું સાસુજી સુણો વીનંતી, લાગું પ્રેમથી પાય;
આવી તમારે હું આશરે, મેલ્યાં બાપને માય. શાણી૦
નણદલનો માનુ પાડ હું, થાશે એથી આરામ;
દાસી તમારી હું દીન નીશા. હવે ફરમાવો કામ. શાણું૦
બોલ્યું ચાલ્યું ગણશો નહીં, હું અજ્ઞાની હું નાર.
કામ ફરમાવો તે તો કરૂં, મારે આપ આધાર. શાણું૦
માત પીતા મારાં અહીં નથી, સાસુ લેજો સંભાળ;
ચીંધો તે હું કરૂં ચોંપથી, તમે બેઠાની ડાળ. શાણું૦
મનુસ્ય સર્વ રંક રાય છે, આખી આલમ માંય;
બેટીને ગાય બરોબરી, જ્યાં દોરે તીહાં જાય. શાણું૦
પીતા હોએ પૃથ્વી પતી, કંથ હોએ કંગાલ;
સીતા તો સોભે છે સાસરે, વૃધ જોબન બાળ. શાણું૦
પીયરતણી ગુરી પાલખી, શોભે હસ્તી દરબાર;
શ્રેષ્ટ સૂણી ગણો સાસરે, નીશ્ચે કહું નીરધાર. શાણું૦

(લક્ષુચંદના શયન ગ્રહમાં દીવાળીનું બોલવું.)

દીવાળી. રાગ. સોરઠની ગઝલ.

સ્વામી જાગો ચતુર સુજાન હો, પ્યારા મારા દીલના પ્રાણ હો,
સેવા આ સંસારીક લાવંતે, વદે દાશી આપની જાન હો,
મન મળવાને અકળાય છે, મારૂં જોબન ઝોલાં ખાય છે,

શશી મુખ સુંનું આ સુકાય છે, હારો સ્નેહ પીડા બહુ થાયછે. ૧
સાચો તત્વ એજ સંસારમાં, પ્રીતી પાત્ર પ્યારૂં ગણું પતી;
શેવું શીવ બરાબર સામને, હું સૌ ભાગ્યવતી આપની સતી. ૨
ખાસી ખીલી દીલકી કળી વળી, મળી નાથ પંકજ પાંખડી;
ભોગી ભોગવ ભમર ઉઠી હવે, મારે બીજા નરની આખડી. ૩
જાગો પ્યારા પ્રેમપતી અતિ, રતી વ્યાપ્યો રૂદયે અરે,
રમો રંગ અનંગ સુરંગથી, આ પતંગ દીપ પડી મરે; ૪

દીવાળી લક્ષુચંદ અજ્ઞાની હોવાથી દીલગીરીથી.

શીખરણી છંદ.

અરેરે આ મારૂ અણુસમજુ જોડું અવનીમાં,
વિધાતા થઈ વેરી, દુ:ખતણી રાખી નહીં સીમાં,
ફેરી નૈ આ ઠામે, બળદ સમ મારા પતી થકી,
નિતીને પ્રીતીની, ખચીત રીત જાણો નહીં પકી,

બુદ્ધીશાળી બાળા, મરદ મુખ કાળા બહુ દુ:ખી,
કરૂપી છે કાન્તી. શરદ શશીલા જે મુખ સખી.
જરા બુદ્ધી હોતે. સમજ દઈને સાવધ કરૂ
અરે ખોટું નાણું. ધરમ નીજ જાણી પગ ભરૂં

અરેરે ઓ દેવા. સુખદ રૂપી સુર્ય અસ્તજ થયો.
ફીનારો ગોતુંછું. મુજ ઉગરવાનો સખી કયો
પ્રભુ પ્યારા મારા. પ્રણીમીનીત વંદુ પ્રથમથી
બુડયાના છો બેલી. સુધડ મતી આપો પતી અતી

દીવાળી— **લાવણી.**

ઈશ અરજી મારી આજ. ગરીબની વાજ કેમ દુઃખ દેછે.
આ કરમ કષ્ટનો ઝેરો. અંગમાં વહેછે.
અણુ સમજુ મારો નાથ. જોડું બે હાથ અંગ ઉતારી;
છો સુખ સરદેકુ સરવ જાણે બલહારી;
ગઇ પ્રાણનાથની પાસ, અંગ ધરી આશ હેત ધરી પ્યારી;
છે દુઃક્ષ અરે નાદાન, થઇ દુખીઆરી;
છે તદન તોતળો નાથ, ગમે નહી વાત કરેછે દાડી.
મારે હૈડે હોળી થાય કરૂં શું માડી.
મદમાતી જોબન નાર. પુષ્પ ગુંજાર. મધુકર મારો.
તે જોઈ બની લાચાર. બળે જન્મારો.

(દીવાળી પીયર આવેછે ત્યારે બ્રાહ્મણ પ્રત્યે)

(સહીયર દુઃખ શું દાખવ્યું એ રાગ)

વિપ્ર સુણો મારી વિનતી. હું છુંબાળ તમારી.
ચરણે નમે શીશ સુંદરી. સુંણો વિનંતી અમારી. વીપ્ર
વેરી વીધી વશમો થયો. દેખી વાળો છે.દાટ
મુર્ખ અજાણ પતી મળ્યો ધડીઓ વીધીએ ઘાટ. વીપ્ર
વેર વાળ્યું પેલા ભવ તણું. પુર્ણ પ્રગટયાં પાપ.
કર્મને દોષ આવી નડે. મરજો માને બાપ. વીપ્ર
આપી ઉછેરીને હાથમાં. કાળે કાણ ન કોય.
ગરદન કંઠમાં હારડો. હીરા કેરો ન હોય. વીપ્ર

દીવાળી— **લાવણી.**

(જોડી તે નવ જોઈ માડી એ રાગ)

માત મતી અતી ફરી તારી. (બે વાર)
પથરા સાથે રત્ન પછાડયું બુરી ગતી મારી.

નીચાતા કરી નહી વારૂ. (બે વાર)
દુઃખ દરીઆની માય ડુબાવ્યું ઝાંઝ અરે મારૂં
માલમી રૂપીઆ જીવ મારો (બે વાર)
કામ કલ્પના અતી તોફાની આવ્યો નહી આરો
બુદ્ધીરૂપી કવા સ્થંભ ભાંગ્યો. (બે વાર)
નાવ છોડવા જીવડો નીશ દીન, લાગ નહી લાગ્યો.
બુરી કરી મા બાપે (બે વાર)
આંખ મીચીને કુંપ ઉતારી કોણ કષ્ટ કાપે.
ઘણી થા બાર બીજ બેલી (બે વાર)
ભર જોબન વનકુંજ ખીલેલી. ભમર કરે ઘેલી.
વેરી મા બાપે વાળી વેર (બે વાર)
ગજ નવાણુંના કુંપમાં નાંખી કીધો કાળો કેર,
જનુની હવે શું કહું તુજ ઝાઝું (બે વાર)
જરા વીચાર કર્યા વીણ જલદી, દીધી દુઃખ દાઝું
જોઇ ભરથાર થાય ઝાળુ (બે વાર)
જામ મુરખો મોટું મીંડું નીરખી નીત ન્યાળુ
જોબન મદમાતી વનવેલી (બેવાર)
ભમર ભુલાવ્યું ભાન શરીરનું.રેલ કુડીરેલી.
માર્ગ તું દ ધરતી માતા (બેવાર)
આ સંકટથી દેહ સમાવું. કરજે સુખસાતા.
છોડ ચંબેલી રોપ્યો રણમાં (બેવાર)
નહીં માળી રખવાળી ડાળી. સુકાતી ક્ષણ ક્ષણમાં.
આર્યજન શું કહું મુખ ઝાઝું (બેવાર)

અણુ સમજુને અકલ હીણુ તે. દેખી દીલ દાઝું
કુડી આપઘાત હવે કરવી. (બેવાર)
ભીખન ભવજલ તરવા ભક્તી. નીશદીન આદરવી.

(દીવાળીની માતુશ્રી કહે છે. રાગ માઢ.)

પ્યારી પુત્રી પ્રાણુ આધારરે. તારી રક્ષા કરે શ્રી રમ.
તું ધીરજ મનમાં ધારરે. સારા વાના કરે શ્રી. રામ.
જનુની આપે જન્મ જગતમાં. કર્મ ન આપે કોય,
માત પીતાને દોષ ન દઈએ. હરી કરે તે હોયરે. તારી.
દુઃખ દેખી દીલ ડરવું નહીં. કરવું સુંદર કામ
હીંમત હરનીશ રાખ હૈયામાં. આનંદ આઠે જામરે. તારી.
દુઃખમા દીવસ આવે દશ વીશ. આંધી ડેલ અસાર,
શ્રી પતી તારી સહાય કરશે. વીઠલ ચડશે વારરે. તારી.
મધ્યાન કાળે સુરત પ્રેમહી. તલખે જળમાં મીન
સાંય કાળની છાયા વળશે. વળશે તારો દીનરે. તારી.
પ્રભુ પલમાં કરે ચાયશો. જળસ્થલ ફરી જાય
શરખા દીવશ શાણી પુત્રી. કોઈના નવ કહેવાયરે. તારી.
કોઈ મનુશે કર્મ ન માપ્યું. સુખ દુઃખ શીતળ છાય.
પુરૂષ કર્મ આડું પાંદડું તે. પળમાં ઉડી જાયરે. તારી.
માટે તું નવ ગભરા મારી. શાણી પુત્રી સહાય.
ભીખન જેવું લખ્યું ભવીશે. તે મીથ્યા નવ થાયરે. તારી.

દીવાળી— માલીની છંદ.

બસકર જનુંની હે. બાવરી હુંબની છું.
દીલગીર દીલમાહે. દેહમાં દુઃખણી છું.

અણુ ગમતીજ જોડી. ધીરતા કેમ ધરવી.
અવર નહીં ઉપાએ. આત્મની ઘાત કરવી.
(દીવાળી કટાર ખાઈ મરે છે ત્યારે તેની સહીયર
તેને જોઈ બોલે છે)

સહીયર— રાગમારૂ.

[શેઠ સગાળશા સાધુને સેવે ને વાણીયો પાળે વ્રત]

સર્વ સભાસદ શ્રવણ કરો હવે, મારા મનની વાત;
બેન દીવાળીની બીના સુણીને, અતી થયો ઉત્પાત.
સજોને સ્વયંવર ધારોરે, પ્રજાને લાગશે પ્યારો —ટેક
દુઃખ તણો દરીયાવ ભરેલો, તેઉ લેચ્યો ઓછો ન થાય
સારા માણસની શ્રેષ્ઠ પ્રતીષ્ઠા, આબરૂ સરવે જાય—સજોને.
સુઘ ચતુરને શાણી દીવાળી, મારા હૈયા કેરો હાર;
પતી દુઃખે નીજ પ્રાણને તજતાં,પાડયો અતી પુકાર—સજોને.
મનમાં વીચાર કર્યા વીણુ માનવી, શગપણુ કરશે સદાય.
વિષના વૃક્ષથી વીષ ઉતરશે; અમૃતે અમૃત થાય —સજોને
પેટ ચોળી કરો સૂળનો ઉપાય, નાખે નારી નીશ્વાસ.
સાહસ કામ કર્યાથી સર્વને, હોશે હર્ષનો નાશ —સજોને.
કુળ ઉચું જોઈ નાંખે કુવામાં, પુત્રી કે પુત્ર સદાય.
બાળ પણામાં બંધારણ જોડું; અતી માંઠા ફળ થાય—સજોને.
આર્ય સમાજ સુણો આજ મારી અરજી આઠે જામ.
કહે કનેગો બીખન કોઈદી; આવું ન કરશો કામ; —સજોને

(સમાપ્ત)